IIPH-G ને Concurrent Monitoring, Capacity Building અને પોષણ ત્રિવેણીના પ્રોત્સાહન પુરસ્કાર માટે Third Party Evaluation ની કામગીરી સોંપવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૮૪૪/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૪-૧૧-૨૦૨૦

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૮/૧૦/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૨૦-૬૯૬-બ

આમુખ:

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત રાજ્યના ૫૩,૦૨૯ આંગણવાડી કેન્દ્રોમાં ૦ થી ૬ વર્ષના બાળકો, કિશોરીઓ તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને વિવિધ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. જેમાં પૂરક પોષણ, પુર્વ પ્રાથમિક શિક્ષણ, પોષણ અને આરોગ્ય શિક્ષણ, રસીકરણ, આરોગ્ય તપાસ અને રેફરલ સેવાઓનો સમાવેશ થાય છે.

Indian Institute of Public Health- Gandhinagar (IIPH-G) એ જાહેર આરોગ્ય ક્ષેત્રની ગુજરાતની એક માત્ર સંસ્થા છે જેને ગુજરાત સરકારના IIPH-G Act - 2015 હેઠળ યુનિવર્સિટી તરીકે માન્યતા આપવામાં આવેલ છે. આ સંસ્થાનું લક્ષ્ય આરોગ્ય અને પોષણ શિક્ષણ, તાલીમ, સંશોધન અને હિમાયત તેમજ નીતિવિષયક પહેલ દ્વારા દેશમાં એકંદર આરોગ્ય અને પોષણ પ્રણાલિને મજબૂત બનાવવાનું છે, જેથી સ્વસ્થ ભારતનું નિર્માણ થઈ શકે. આ સંસ્થા દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તેમજ અન્ય સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓની કામગીરીની દેખરેખ અને નિરીક્ષણની કામગીરી કરી આપવામાં આવેલ છે. ઉપરાંત, આ સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં ઘણા પ્રકારના શોધ-સંશોધન, નિરીક્ષણ અને મુલ્યાંકન કરવામાં આવેલ છે. આ સંસ્થા હાલમાં સોસાયટીઝ એક્ટ હેઠળ સોસાયટી તરીકે નોંધાયેલ છે. ઉક્ત સંસ્થા દ્વારા આઇ.સી.ડી.એસ. સેવાઓનું Concurrent Monitoring, Capacity Building અને પોષણ ત્રિવેણીના પ્રોત્સાહન પુરસ્કાર માટે Third Party Evaluation ની કામગીરી કરી આપવાની દરખાસ્ત મળેલ છે.

વંચાણે લીધેલ (૧) થી ગુજરાત પોષણ અભિયાન: ૨૦૨૦-૨૨ હેઠળ ક્ષેત્રીય કર્મીઓમાં ગ્રામ્ય કક્ષાએ (૧) આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર, (૨) આશા અને (૩) એ.એન.એમ. (AAA), "પોષણ ત્રિવેણી"ને પ્રોત્સાહન પુરસ્કાર આપવાની મંજૂરી આપવામાં આવેલ છે.

સંકલિત બાળ વિકાસ યોજનાના લાભાર્થીઓને ગુણવત્તા યુક્ત સેવાઓ મળી રહે તે ખુબ જ જરૂરી છે. આથી સંકલિત બાળ વિકાસ સેવાઓની ગુણવત્તા જાળવવા અને સમયાંતરે સુધારવા માટે IIPH-G ને Concurrent Monitoring, Capacity Building અને પોષણ ત્રિવેણીના પ્રોત્સાહન પુરસ્કાર માટે Third Party Evaluation ની કામગીરી સોંપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તદ્અન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

સંકલિત બાળ વિકાસ યોજનાના લાભાર્થીઓને ગુણવત્તા યુક્ત સેવાઓ મળી રહે તે માટે IIPH-G ને Concurrent Monitoring, Capacity Building અને પોષણ ત્રિવેણીના પ્રોત્સાહન પુરસ્કાર માટે Third Party Evaluation ની કામગીરી રૂ. ૧.૯૭ કરોડની રકમે નોમીનેશન બેઝ પર સોંપવામાં આવે છે. આ ઉપરાંત IIPH-G દ્વારા Deep Data Analysis અને Performance Based Ranking માટે તમામ સ્તરે કામગીરી કરવાની રહેશે. ઉક્ત કામગીરી માટે પોષણ અભિયાન હેઠળ ઉપલબ્ધ 'Operation & Research' ની ગ્રાંટનો ઉપયોગ કરવાનો રહેશે.

IIPH-G દ્વારા દર માસે ૩૩ જિલ્લા માટે ૩૩ કન્સલટન્ટ દ્વારા ન્યુનત્તમ ૨૦ દિવસની ફિલ્ડ વિઝીટ લેવાની રહેશે. જેમાં ઓછામાં ઓછા ૧,૩૨૦ આંગણવાડી કેંદ્રોના આંગણવાડી દીઠ લઘુત્તમ ૭ લાભાર્થીઓને આવરી લેવાના રહેશે. આમ વર્ષ દરમિયાન રાજ્યની કુલ ૫૩,૦૨૯ આંગણવાડીઓ પૈકી ઓછામાં ઓછી ૩0% આંગણવાડીઓની સમીક્ષા કરવાની રહેશે.

ઉપરોક્ત કામગીરી માટે સરકાર વતી કમિશ્નર, મહિલા અને બાળ વિકાસ અને IIPH-G વચ્ચે Memorandum of Understanding (MoU) કરવાનો રહેશે. તેમજ કરેલ મુલ્યાંકન અને અન્ય કામગીરીનો વિગતવાર અહેવાલ સમયાંતરે સરકારને રજુ કરવાનો રહેશે.

ઉક્ત કામગીરીને લગતી જરૂરી વિગતવાર સુચનાઓ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીએ બહાર પાડવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૨-૧૧-૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય ટી. નિંમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(3) માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૪) માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી ,સચિવાલય,ગાંધીનગર

(૫) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૬) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૯) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૦) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૧) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૨) નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

(૧૩) સિસ્ટમ મેનેજર- વેબસાઇટ ઉપર મુકવા સારૂ

(૧૪) શાખા સિલેક્ટ ફાઇલ